અપીલ અરજી નં.૪૫/૦૮–૦૯ તા. ૨૧–૫–૦૮

અરજદારઃ શ્રી પી.આર.કપાસીયાવાળા
સામાવાળાઃઆસી.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોન

***હુકમઃ–***

***વિષયઃ***–આરટીઆઈએકટ હેઠળ શ્રી પી.આર.કપાસીયાવાળાની તા.૦૮–૪–૦૮ નીઅરજીથી વોર્ડ નં.૦૯, નોંધ નં.૧૮૨૭ વાળી મિલ્કત પૈકી મેઝેનાઈન ફ્લોર વાળો ભાગ નિયમબધ્ધ ન કરવા બાબત અરજદારને પાઠવેલ કાર્યપાલક ઈજનેર સે.ઝોનના તા.૨૭–૧૨–૦૭ ના પત્રથી આપેલ માહિતીના આધાર દસ્તાવેજો પૂરા પાડવા બાબત.

***સંદર્ભેઃ***– અરજદાર મજકુરની તા.૨૧–૫–૦૮ ની અપીલ અરજી નં.૪૫/૦૮–૦૯

શ્રી પી.આર.કપાસીયાવાળાની તા.૦૮–૪–૦૮ ની અરજીથી વોર્ડ નં.૦૯, નોંધ નં.૧૮૨૭ વાળી મિલ્કત પૈકી મેઝેનાઈન ફ્લોર વાળો ભાગ નિયમબધ્ધ ન કરવા બાબતે આસી.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોન તરફથી પત્ર આરટીઆઈ સેલ/સે.ઝોન/નં.૧૨૨ તા.૦૧/૦૫/૦૮ થી રેગ્યુલર દિવાની મુકદમા નં.૨૪૮/૯૬ અંગેની છેવટની પરિસ્થિતિની વિગતો લેખિતમાં ઉપલબ્ધ ન હોઈ સીવીલ કોર્ટમાંથી મેળવી લેવા તેવા આપેલ જવાબથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૧–૫–૦૮ ના રોજ અપીલ કરવામાં આવેલ.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મુળ અરજીની નકલ તથા નોંધ વિભાગ સહિત આપવા જોગ પૂરક માહિતીની વિગતો માહિતીના વિલંબ તથા અનુમાનિત ઈન્કાર અંગેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૫૬ તા.૨૬–૫–૦૮થી આસી.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારીને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને રાઈટ ટુ ઈન્ફરમેશન સે.ઝોન/આ.નં.૨૪૪ તા.૩–૬–૦૮ના રોજ અત્રેના વિભાગને માહિતી મોકલવામાં આવેલ. જેમાં સદર અરજીના તેઓ કક્ષાએ નિકાલ માટે થયેલ નોંધ વિભાગની નકલો તથા અરજદારને પાઠવેલ જવાબની નકલ સામેલ કરેલ છે.

અરજદારે સદર મિલ્કત વોર્ડ નં.૯ ૧૮૨૭ વાળી મિલ્કત પૈકી મેઝેનાઈન ફ્લોરવાળી ભાગ નિયમબધ્ધ ન કરવા બાબતે અરજદારના તા.૨૮–૬–૦૨નો પત્ર તથા તેમના વકીલનો તા.૨૩–૧–૦૭ નો પત્ર સંદર્ભે નં.સી.ઝેડ/એન્જી./આ.૩૮૩૯ તા.૨૭–૧૨–૦૭ જવાબ પાઠવી સે.ઝોન કક્ષાએથી ગેરકાયદેસર બાંધકામ સબબ પાઠવેલ તા.૨૯–૩–૯૬ ની નોટીસ તથા તેના અનુસંધાને થયેલ દિવાની દાવાના મનાઈ હુકમ અંગેની વિગતો આપવા સાથે અરજદાર તરફથી થયેલ તમામ ફરીયાદ/અરજી જાહેર માહિતી અધિકારીએ દફતરે કરેલ હોવાનું જણાવતો પત્ર પાઠવેલ છે. અરજદાર તરફથી ૮–૪–૦૮ ના રોજ આરટીઆઈ એકટ હેઠળ અરજી કરવામાં આવેલ છે.જેના સંદર્ભે જાહેર માહિતી અધિકારી તરફથી રાઈટ ટુ ઈન્ફરમેશન સે.ઝોન/૧૨૨ તા.૧–૫–૦૮થી જવાબ પાઠવવામાં આવેલ છે. અરજદારે દિવાની મુકદમા નં.૨૪૮/૯૬ ની મેટર બાબતે અપીલમાં સે.ઝોનના તા.૨૭–૧૨–૦૭ ના પત્રમાં આપેલ વિગતના આધાર માંગેલ છે. જે જાહેર માહિતી અધિકારી ધ્વારા પૂરા પાડેલ નથી.

જાહેર માહિતી અધિકારી સે.ઝોન ધ્વારા મોકલેલ નોંધ વિભાગની વિગત અનુસાર સદર દાવાના મનાઈ હુકમ કે હાલની સ્થિતિ વિશે અદાલતના કોઈ લેખિત હુકમ નહી હોવાનો ઉલ્લેખ કરેલ છે પરંતુ સુરત મહાનગરપાલિકાના એડવોકેટ ધ્વારા અપાયેલા અભિપ્રાયમાં તેની ઉલ્લેખ હોવાનો નિર્દેશ કરેલ છે.

જાહેર માહિતી અધિકારી ધ્વારા તેઓ કક્ષાએથી ભૌતિક સ્વરૂપે ઉપલબ્ધ માહિતી પૂરી પાડવાની રહે છે અન્યથા આરટીઆઈ એકટની કલમ–૬ (૩) હેઠળ લાગત જાહેર સત્તા મંડળ અગર આરટીઆઈ નિયમ–૪ (૨) હેઠળ લાગત જાહેર માહિતી અધિકારીને તબદીલ કરવાની રહે છે જે પ્રસ્તુત કેસમાં થયેલ નથી.

અરજદારની મૂળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદાર ધ્વારા તેમના વિષયમાં નિર્દિષ્ટ અરજીથી સે.ઝોનના તા.૨૭–૧૨–૦૭ ના પત્રથી આપેલી વિગતોના આધાર માંગેલ છે તે ધ્યાને લેતાં અરજદારને સદર વિગતો આપતાં જે આધાર ધ્યાને લીધેલ હોય તેની ઉપલબ્ધ દફતરી માહિતી આરટીઆઈ કાયદાની કલમ–૧૧ તથા ૭ સહિતની જોગવાઈઓને અનુસરી દિન–૭ માં અત્રેની જાણ હેઠળ અરજદારને પૂરી પાડવા આસી.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી સે.ઝોનને જણાવવામાં આવે છે.

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૬ –૦૮.

ડે.***કમિશ્નર(જનરલ),***
***અને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ,***

(૧)આસી.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી,સેન્ટ્રલઝોન..... જાણ તથા અમલ માટે.
(૨) શ્રી પી. આર. કપાસીયાવાળા,